# મોશેની આગેવાની અને દસ આજ્ઞાઓ

## (ફાધર વર્ગીસ પોલ)

ઈસાયલી ઇતિહાસમાં મોશેનું આગવું સ્થાન છે. મોશે ઈસાયલી પ્રજાને મિસર દેશોની ગુલામીમાંથી છોડાવી બહાર લાવ્યા હતાં. એટલું જ નહિ, પણ ઈસાયલી પ્રજાને ઈશ્વરે વચન દીધેલા કાનાન દેશની સરહદ સુધી દોરી જનાર મહાન યહૂદી આગેવાન અને પયગંબર હતા. ઈસાયલીઓ મિસરમાંથી નીકળીને કાનાન દેશ સુધી પહોચતાં ચાલીસ વર્ષ રણ પ્રદેશમાં ફરતા રહ્યા હતા. એ ચાલીસ વર્ષ દરમિયાન ઈસાયલી લોકોને એક સંગઠિત પ્રજા તરીકે એકત્ર કરવા તથા ઈશ્વર અને ઈસાયલી લોકો વચ્ચે કરારનો સંબંધ સ્થાપવામાં મોશેએ તેમને અજોડ આગેવાની પૂરી પાડી હતી.

મિસરમાંથી ઈસાયલીઓને કાનાન દેશ સુધી દોરી જવામાં મોશેએ બેવડી જવાબદારી અદા કરી હતી. પોતાની યહૂદી પ્રજા આગળ મોશે ઈશ્વરના વિશેષ પસંદ કરેલા પયગંબર હતા. તો ઈશ્વર આગળ તેઓ ઈસાલી પ્રજાના પ્રતિનિધિ અને વક્તા હતા.

કાળાંતરે ઈસાયલી પ્રજા મિસર એટલે કે હાલના ઈજિપ્તમાં ગુલામો તરીકે જીવતી હતી. મિસરીઓને ભારે દુકાળમાંથી બચાવનાર યોસેફ અને એમના પિતા યાકોબ તથા યોસેફના બધા ભાઈઓ અને તેમના સમગ્ર પરિવાર મિસરમાં રહેવા માટે આવ્યાં સેંકડો વર્ષ વીતી ગયાં હતાં. ઈસાયલી પ્રજાની વસ્તી ખૂબ વધી ગઈ હતી. અને આખો મિસર દેશ ઈસાયલીઓથી ભરાઈ ગયો હતો.

તે અરસામાં મિસરમાં એક નવો રાજા ગાદીએ આવ્યો. સેંકડો વર્ષ પહેલાં સમગ્ર મિસરી પ્રજાને ભાર દુકાળમાંથી યોસેફ નામના એક ઈસાલીએ બચાવી હતી એની નવા રાજાને ખબર નહોતી. પણ પોતાના સમગ્ર દેશમાં વ્યાપી રહેલી ઈસાયલ પ્રજાની સંખ્યા અને શક્તિ જોઈને નવા રાજા ફારુનને ભય લાગ્યો. ઈસયાલીઓને કાબૂમાં રાખવા અને એણનો વધારો થતો અટકાવવા માટે ઈસાયલી છોકરાઓને નદીમાં ફેંકી દેવાનો હુકમ છોડયો.

એવામાં એક ઈસાયલી માતાની કૂખે એક બાળકનો જન્મ થયો, એ છોકરો ખૂબ રૂપાળો હતો. ત્રણ મહિના સુધી એ માતાએ પોતાના બાળકને પોતાના ઘરમાં છુપાવી રાખ્યો. પણ એને વધુ છુપાવી રાખવાનું કામ મુશ્કેલ બન્યું. એટલે બાળકેની માએ એક કરંડિયો લીધો. તેને ચીકણી રાળ અને ડામરથી લીંપ્યો અને તેમાં પોતાના બાળકને સુવડાવીને કરંડિયો તે નદીકિનારે બરુઓમાં મૂકી આવી. તે છોકરાની બહેન દૂર ઊભી ઊભી જોવા લાગી કે છોકરાનું શું થાય છે.

ત્યાં રાજા ફારુનની કુંવરી નદીએ નાહવા આવી અને તેણે બરુઓમાં પેલો કરંડિયો જોયો. તેણે પોતાની દાસીને મોકલીને કરંડિયો મંગાવી લીધો અને ખોલીને જુએ છે તો અંદર એક છોકરો રડતોસ હતો. છોકરાને જોઈને કુંવરીને દયા આવી. કુંવરીએ એને ઈસાયલ પ્રજાની કોઈ હિબ્રૂ માતાનું બાળક સમજીને, છોકરાની બહેને કરેલી સૂચના મુજબ, કોઈ ધવડાવનારી બાઈને બોલાવી લાવવાનું કહ્યું. છોકરાની બહેન જઈને એની માને તેડી લાવે.

કુંવરીએ તેને કહ્યું, “આ બાળકને લઈ જા અને મારા તરફથી એને ઉછેરજે. હું તને પગાર આપીશ.” આથી તે બાઈ છોકરાને લઈ ગઈ અને ઉછેરવા લાગી. છોકરો મોટો થયો. એટલે તે તેને ફારુનની કુંવરી આગળ લઈ આવી અને તેણે તેને દીકરાની પેઠે રાખ્યો. “મે એને પાણીમાંતી બહાર કાઢયો હતો” એમ કહીને તેણે તેનું નામ મોશે રાખ્યું.

મોશે ફારુનના રાજમહેલમાં એક મિસરી તરીકે ઉછર્યો અને મોટો થયો. પણ પોતે ઈસાયલી કોમનો છે અને તેણે તેમને વેઠ કરતા નજરે જોયા. તેણે એક મિસરવાસીને પોતાના એક જાતભાઈને માર મારતો જોયો. તેનો ક્રોધ ભભૂકી ઊઠયો અને તેણે મિસરીને મારી નાખ્યો. ફારુનને આ વાતની જાણ થતાં તે મોશોની જાન લેવા તૈયાર થયો. પણ મોશે ફારુનને ત્યાંથી ભાગીને મિધ્યાન દેશમાં જઈને વસ્યો. મોશે મિધ્યાન દેશના પુરોહિત ઈથોને ત્યાં ભરવાડ તરીકે કામે રહ્યો. સમય જતાં ઈથોએ મોશેને પોતાની દીકરી સિફોરા સાથે પરણાવ્યો.

એક દિવસ મોશે પોતાના સસરા ઈથ્રોનાં ઘેટાંબકરાંને હાંકતો હાંક્તો રણની સામી બાજુએ ઈશ્વરના પર્વત હોરેબ નજીક આવી પહોંચ્યો. ત્યાં તેણે ઝાંખરું સળગતું અદ્દભુત દશ્ય જોયું. પણ ઝાંખરું બળી જતું નહોતું. કુતૂહલનો માર્યો મોશે ઝાંખરા પાસે ગયો. ત્યાં તેણે ઝાંખરામાંથી એક વાણી સાંભળીઃ "મોશે, ! મોશે"

મોશે બોલ્યો, "જી, આ રહ્યો."

ઈશ્વરે કહ્યું, "પાસે ન આવીશ, પગરખાં કાઢી નાખ. કારણ, જ્યાં તું ઊભો છે એ ભૂમિ પવિત્ર છે. હું તારા વડવાઓનો ઈશ્વર છું અબાહામનો, ઈસહાકનો અને યાકોબનો ઈશ્વર છું. આ સાંભળીને મોશેએ પોતાનું મોઢું ઢાંકી દીધું. કારણ, ઈશ્વર તરફ જોતાં તેને લાગતો હતો."

પછી ઈશ્વરે મોશને કહ્યું, "મિસરમાં મારા લોકોની દુર્દશા મેં જોઈ છે. તેમની હાડમારીની મને ખબર છે. તેમને મિસરીઓના હાથમાંથી છોડાવવા અને તેમને એ દેશમાંથી એક સારા અને વિશાળ દેશમાં લઈ જવાનો છું. જ્યાં દૂધ અને મધની રેલમછેલ છે...એટલે, ચાલ, હું તને ફારુન પાસે મોકલું છું. તું મારા લોકો ઈસાયલીઓને મિસરમાંથી બહાર લઈ આવ."

મોશેએ ઈશ્વરને કહ્યું, "હું કોણ ફારુન પાસે જનારો અને ઈસાયલીઓને મિસરની બહાર લાવનારો ?"

મોશેને હિંમત આપતાં ઈશ્વરે કહ્યું, "હું તારી સાથે રહીશ..."

મોશેએ એક બીજો પણ વાંધો ઉઠાવતાં ઈશ્વરને કહ્યું, "હું ઈસાયલીઓ પાસે જાઉં અને કહું કે, તમારા વડવાઓના ઈશ્વરે મને તમારી પાસે મોકલ્યો છે, અને તેઓ મને પૂછે છે કે, તેનું નામ શું છે ? તો મારે તેમને શું કહેવું ?"

ઈશ્વરે કહ્યું, "હું તો જે છું તે છું. ઈસાયલના લોકોને એમ કહેજે કે, હું છું – એણે મને તમારી પાસે મોકલ્યો છે... સદાકાળ આ મારું નામ છે અને એ જ નામે મને પેઢી-દર-પેઢી સંભારવામાં આવશે."

પણ ઈશ્વરના હુકમથી છૂટી જવાય તો સારું એવી મોશેની ઈચ્છા હતી. એટલે તેણે ફરી નવો વાંધો ઉઠાવતાં કહ્યું, "ઓ પ્રભુ, હું કંઈ સારો વક્તા નથી... મારી વાણી અને જીભ મંદ છે."

ઇશ્વરે ફરી મોશેને હિંમત આપતાં કહ્યું, "તું તારે જા. હું તને બોલવામાં સહાય કરીશ અને હું બોલવું તે શીખવીશ."

મોશેએ ફરી કરગરતાં કહ્યું, "ઓ મારા પ્રભુ, મહેબાની કરીને ગમે તે બીજા કોઈને મોકલો !" પણ ઈશ્વરે પોતાનું નિર્ધારિત કામ પરા પાડવા માટે મોશેને જ પસંદ કર્યો અને મોશેને એના ભાઈ અહરોનની મદદથી ઈસાયલી પ્રજાને મિસર બહાર લઈ જવાનું કામ સોંપ્યું.

મોશે સસરાની પરવાનગી અને આશીર્વાદ લઈને પોતાની વહુને અન છોકરાઓને ગધેડા ઉપર બેસાડી પાછો મિસર જવા નીકળ્યો. મિસરમાં પોતાના ભાઈ અહરોન સાથે મળીને મોશેએ બધા ઈસાયલી વડીલોને ભેગા કર્યા અને તેમને પ્રભએ જે જે કહ્યું હતું તે બધું કહી સંભળાવ્યું પછી મોશે અને અહરોને રાજા ફારુન પાસે પહોંચી ગયા અને તેમણે ફારુનને કહ્યું, "ઇસાયલના પરમેશ્વર પ્રભુ આ પ્રમાણે કહેવડાવે છે કેઃ મારા લોકોને મારા માનમાં ઉત્સવ ઊજવવા રણમાં જવા દે."

પણ ફારુને કહ્યું, "પ્રભુ વળી કોણ છે કે મારે તેનું સાભળવું પડે ? હું એને ઓળખતો નથી અને ઈસાયલીઓને હું જવા દેવાનો પણ નથી." પછી ફારુને મુકાદમો અને મુખીઓ મોકલીને ઈસાયલી લોકો પાસે પહેલાં કરતાં વધુ વેઠ કરાવવાનો હુકમ આપ્યો. ઈસાયલીઓ પર કામનો ખૂબ બોજો પડયો. લોકોએ મોશે અને અહરોનને ફરિયાદ કરી. મોશે અને અહરોને ઈશ્વર આગળ ધા નાથી. મોશે અને અહરોન બરાબર પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલ્યા, પણ ફારુને એમનું માન્યું નહીં. એટલે પ્રભુએ મિસરના રાજા ફારુનને પોતાના ચમત્કારો બતાવવા માંડ્યા.

મિસરમાં ભયંકર રોગચાળો ફાટી નીકળ્યો. મિસરનું પાણી પીવા જેવું રહ્યું નહિ. માછલીઓ નરી ગઈ. નાઈલ નદી દેડકાંથી ખદબદી ઊઠી. સમગ્ર દેશ ઉપર દેડકા ચડી આવ્યા. આખા મિસરમાં મચ્છરનો ઉપદ્રવ થયો. અને ત્યારબાદ માખીઓનો ઉપદ્રવ મિસરવાસીઓ ઉપર ફાટી નીકળ્યો. પછી મિસરના ઢોરો, ઘોડાઓ, ગધેડાઓ, ઊંટો, ગાય, બળદો, બકરાંઓ અને ઘેટાંઓમાં પણ સખત રોગચાળો ફેલાઈ ગયો, વળી, આખી મિસરના માણસો અને ઢોરોને ગૂમડાં ફાટી નીકળ્યાં, કરા વરસવા લાગ્યા, તીડનો ઉપદ્રવ થયો. ઈસાયલી પ્રજા આ બધા રોગચાળાથી અત્યાર સુધી આબાદ મુક્ત રહી હતી.

ઉપરાઉપરી આફતોથી જાણતો હતો કે આ બધા રોગચાળા પાછળ ઈસાયલી પ્રજાને મુક્ત કરવા માટેનો ઈશ્વરનો આદેશ છે. એણે ત્રણ ત્રણ વાર ઈસાયલીઓને છોડવાનો આદેશ પણ આપ્યો હતો. પરંતુ હરવખતે આફત ટળી જતાં એણે મન બદલ્યું અને ઈસાયલીઓને મુક્ત કરવાનું વચન એણે પાળ્યું નહિ. પછી એક દિવસ ઈશ્વરે મોશેને કહ્યું, “હજી હું ફારુન અને મિસર પર એક આફત વધુ નાખીશ. ત્યાર પછી તમને અહીંથી જવા દેશે. તો તમે જવાની તૈયારી કરો.”

ઈશ્વરના આદેશ મુજબ મોશેએ લોકોના વકીલોને બોલાવીને કહ્યું, “તમે જવાની તૈયારી કરો. દરેક કુટુંબે એક ઘેટું વધેરવું. એનું થોડું લોહી તમારાં ઘરોનાં બારણે છાંટી નિશાની કરો. પગરખાં પહેરી લો. તમારા હાથમાં લાકડી લો. ઉતાવળે  ઉતાવળે ખાઓ. એમાનું કશું જ ના છોડો. આજે રાતે જ મિસરીઓના પહેલા ખોળાનાં બધાં જ બાળકો મરણ પામશે.”

બધું જ ઈશ્વરના કહ્યા પ્રમાણે થયું. ઈસાયલીઓએ ઈશ્વરના આદેશ મુજબ પ્રથમ પાસ્ખા પર્વ ઊજવ્યું. મિસરીઓના બધી પહેલા ખોળાના પુત્રો મરણ પામ્યા. ગાદી ઉપર બેસનાર ફારુનના પાટવી કુંવરથી માંડીને ઘંટી ફેરવતી દાસીના પહેલા દીકારા સુધીનાં બ્લકે, ઢોરોનાં પણ બધાં પહેલાં બચ્ચાં મરણ પામ્યાં. તે રાતે મિસરીઓના ઘરમાં ભારે રોક્કળ થઈ. આખરે રાજા ફારુને મોશે અને અહરોનને બોલાવીને આજ્ઞા આપીઃ “નીકળો, મારી પ્રજામાંથી ચાલ્યા જાઓ ! મેં કહ્યું હતું તે પ્રમાણે તમારાં ઘેટાંબકરાં અને ઢોરઢાંખર પણ લઈ જાઓ.”

બધા મિસરવાસીઓ પણ ઈસાયલીઓને તાબડતોબ દેશ છોડી જવા દબાણ કરવા લાગ્યા. બધા ઈસાયલીઓ ભેગા મળ્યા અને મિસરમાંથી નીકળ્યા તેઓ પહેલા પાસ્ખાની એ રાત કદી ભૂલી ન શક્યા. ઈસાયલી માબાપોએ આ ઘટના હંમેશાં યાદ રાખી. તેઓ દર વર્ષે પાસ્ખા પર્વ ઊજવતાં અને પોતાનાં બાળકોને સમજાવતાઃ "મહાબળવાન પ્રભુએ આપણને મિસરીઓની ગુલામીમાંથી છોડાવ્યા."

ઈશ્વરે મોશેને અને અહરોનને આજ્ઞા કરી હતી તે પ્રમાણે તેમણે પાસ્ખા પર્વ ઊજવ્યું. અને મોશેની આગેવાની હેઠળ સૌ ઈસાયલીઓએ એમનાં ઢોરઢાંખર અને માલમતા સાથે મિસર દેશની બહાર લઈને ઈશ્વરે વચન આપેલી ભૂમિ તરફ પ્રાયણ કર્યું.

મિસરના રાજાએ ઈસાયલીઓને જવા દીદા ખરા, પરંતુ પોતાના દેશના સશક્ત ગુલામ કામદારોને છોડી દેવા બદલ પસ્તાયો અને એમને પાછા પકડી લાવવા એમની પાછળ પોતાનું લશ્કર દોડાવ્યું. મિસરીઓને પોતાની પાછળ પડેલા જોઈને ઈસાયલીઓ ખૂબ ડરી ગયા. એમની આગળ રાતો સમુદ્ર હતો અને પાછળ મિસરી લશ્કર ધસી આવતું હતું. શત્રુ અને દરિયા વચ્ચેની વિક્ટ પરિસ્થિતિમાં સંપડાયેલા લોકોની જેમ, આવનાર ચોક્કસ મૃત્યુથી ડરીને ઈસાયલીઓ બૂમો પાડતા કહેવા લાગ્યા, "રણમાં મરવા કરતાં મિસરીઓની ગુલામી ક્યાંય સારી."

પણ મોશેએ લોકોને હિંમત આપતાં કહ્યું, "ગભરાશો નહિ. મક્કમ રહો અને જુઓ કે પ્રભુ આજે તમારો શી રીતે ઉદ્ધાર કરે છે.... તમારા પક્ષે પ્રભુ લડશે..." પછી ઈશ્વરના આદેશ મુજબ મોશેએ સમુદ્ર ઉપર હાથ લંબાવ્યો. પૂર્વ દિશામાં સખત પવન ફૂંકાવા લાગ્યો. એણે દરિયાને પાછળ હઠાવ્યો. પાણીના બે ભાગ પડી ગયા. અને ઈસાયલીઓ સમુદ્રની વચ્ચોવચ સૂકી જમીન ઉપર ચાલવા લાગ્યા. મિસરીઓએ એમનો પીછો કર્યો. પણ ઈસાયલી પ્રજા સહીસલામત સમુદ્ર પાર  કરી ગઈ તો મિસરવાસીઓના રથનાં પૈડાં ધરતીમાં એવાં તો ખૂંપાવી દીધીં કે માંડ માંડ ફરતા હતાં. ઈસાયલીઓએ કોરે પગે પાર કરેલો મિસરીઓ માટે મોતનો રસ્તો બન્યો. કારણ, મોશે પ્રભુના આદેશ મુજબ દરિયા પર ફરી હાથ લંબાવવાથી દરિયાથી દરિયાની અધવચ્ચે આવી પહોંચેલ મિસરીઓ ઉપર દરિયાનાં પાણી ફરી વળ્યાં. મિસરીઓનાં ઘોડાઓસ રથો, રાજાનું આખું સૈન્ય

દરિયામાં ડૂબી ગયાં, મિસરીઓ દરિયામાં ડૂબી ગયા ત્યારે પોતાને આબાદ રીતે બચી ગયેલા જોઈને ઈસાયલીઓને ઈશ્વર ઉપર અને તેના સેવક મોશે ઉપર પાકો વિશ્વાસ બેઠો.

રાતા મસુદ્રથી રણાં થઈને આગળ વધતાં ઈસાયલીઓને પીવાના પાણીની સમસ્યા નડી. એટલે લોકો મોશેની સામે થયા અને ફરિયાદ કરવા લાગ્યા. પણ ઈશ્વરના દોર્યા રસ્તે ચાલીને મોશેએ બધાને ધરાઈને પીવાનું પાણી પૂરું પાડયું. પછી રણમાં ઈસાયલીઓને ખાવાનો પૂરતો ખોરાક મળતો ન હતો. એટલે લોકો મોશેને ફરિયાદ કરવા લાગ્યા કે "તમે તો આકા સમુદાયને ભૂખે મારી નાખવા આ રણમાં લઈ આવ્યા છો."

ફરી વાર પ્રભુ મોશે અને ઈસાયલી પ્રજાની વહારે આવ્યા અને રોજ સૌને ભરપેટ ખવાય એટલું અન્ન આપ્યું. ઈસાયલીઓએ આમ ચાલીસ વર્ષમાં રણમાં ગાળ્યાં હતાં તે  દરમિયાન ઈશ્વર તેમનું પેચ ભરતો રહ્યો. રણ પ્રદેશમાં આગળ વધતાં ઈસાયલીઓને ફરી પીવાનું પાણી ખૂટયું અને તેઓ મોશે સાથે ઝઘડવા લાગ્યા. "તમે અમને, અમારાં બાળબચ્ચાંને અને ઢોરઢાંખરને અહીં તરસે મારવા શું કરવા મિસર દેશમાંથી લઈ આવ્યા ?"

આશી મોશેએ ઈશ્વરને પોકાર કર્યો અને ઈશ્વર મોશે અને ઈસાયલી લોકોની વહારે આવ્યા. ઈશ્વરે મોશેન કહ્યા મુજબ મોશેએ હોરેબ પર્વતના એક ખડક ઉપર ઘા કર્યો અને તેમાંથી પાણી વહેવા લાગ્યું. આમ, રણમાં ચાલતાં મિસરમાંથી નીકળ્યા પછી ત્રીજા મહિનાના પહેલા જ દિવસે ઈલાયલીઓ સિનાઈના રણમાં આવી પહોંચ્યા અને તેમણે ત્યાં પજાવ નાખ્યો. પછી મોશે પહાડ ચડીને ઈશ્વર પાસે ગયો.

ઈશ્વરે તેને પર્વતમાંથી બોલાવીને કહ્યું, "યાકોબના વંશજોને, ઈસાયલના લોકોનેતું આ પ્રમાણે કહેજઃ હવે જો તમે મારું કહ્યું કરશો અને મારો કરાર પાળશો તો બધી પ્રજાઓમાં તમે મારી પોતાની ખાસ પ્રજા બનશો, કારણ, આખી પૃથ્વી મારી જ છે. આખી પ્રજા મારા પુરોહિતો બનશે. મને સમર્પિત પ્રજા બની રહેશે. ઈસાયલીઓને તારે આ પ્રમાણે કહેવાનું છે."

મોશેને મોઢે ઈશ્વરની આજ્ઞા સાંભળીનો લોકો એક સમટા બોલી ઊઠયાઃ "ઈશ્વરે જે જે કહ્યું છે તે બધું અમે કરીશું." પછી ઈશ્વરે પોતાની પ્રજાને દસ આજ્ઞાઓ આપી. એ આજ્ઞાઓ સૌ પ્રજાઓ માટે છે. બધા સમય માટે છે. ઈશ્વરે કહ્યું.

- "હું તમારો પરમેશ્વર છું... તમારે મારા સિવાય બીજા કોઈ દેવ ન હોય..."
- તમારે તમારા ઈશ્વર પ્રભુનું નામ નિરર્થક ન લેવું...
- વિશ્રામવારની પવિત્રતા જાળવવાનું યાદ રાખો. છ દિવસ તમારે બધાં કામકાજ કરવાં, પણ સાતમો દિવસ તો વિશ્રાવાર છે. તમારા પરમેશ્વર પ્રભુનો દિવસ છે.
- તમારાં માતાપિતાને માન આપવું, જેથી હું તમને જે જે ભૂમિ આપનાર છું તેમાં તમે લાંબી આવરદા ભોગવો.
- ખૂન કરવું નહિ.
- વ્યભિચાર કરવો નહિ.
- ચોરી કરવી નહિ.
- તમારા માનવબંધુ વિરુદ્ધ ખોટી સાક્ષી આપવી નહિ.
- પરસ્ત્રીની ઈચ્છા રાખવી નહિ...
- તમારા માનવબંધુના ઘરના કે તેની કોઈ પણ વસ્તુની લાલચા સેવવી નહી.

ઈશ્વરે પોતાનાં લોકોને આપેલી દસ આજ્ઞાઓ મોશેએ પથ્થરની બે તક્તીઓ પર કોતરાવી. પછી એણે તકતીઓ કરારની પવિત્ર મંજૂષામાં મૂકી. એ આજ્ઞાઓ ઈશ્વર અને ઈસાયલી લોકો વચ્ચે કરવામાં આવેલી કરારની શરતો જેવી હતી.

ઈસાયલીઓ પોતાના ઈશ્વરને યાહવે તરીકે ઓળખાવે છે. મોશે એ યાહવેવાદ ના સ્થાપક છે. ઈસાયલીઓના પૂર્વજો યાહવેની પૂજા કરતા ન હતા. યાહવેને ઈસાયલીઓના ઈશ્વર તરીકે લોકો આગળ પ્રગટ કરનાર મોશે છે. મોશેએ ઈશ્વરને યાહવે તરીકે ઈસાયલીઓ આગળ પ્રગટ કર્યા. એટલું જ નહિ પણ,

મોશેએ પોતાના લોકોને ચોક્કસ નીતિનિયમો અને આચરસંહિતાઓ પણ આપ્યાં. એટલે મોશે ઈસાયલીઓને કાયદો આપનાર તરીકે પણ ઓળખાય છે.

ઈશ્વરની પ્રેરણાથી મોશેએ ઈસાયલીઓને આપેલા નીતિનિયમો બાઈબલના મહા પ્રસ્થાન, કર્મકાંડ અને અનુસંહિતા એમ ત્રણ ગ્રંથોમાં વિશેષપણે જોવા મળે છે.

"સાંભળો, હે ઈસાયલ! પ્રભુ, આપણો ઈશ્વર પ્રભુ એક જ છે. અને તારે તારા ઈશ્વર પ્રભુ ઉપર પૂરા દિલથી, પૂરા જાનથી અને પૂરી તાકાતથી પ્રેમ રાખવો."

"તમે કોઈ શહેર ઉપર ચડાઈ કરો ત્યારે... ત્યાંનાં ઝાંડ કાપી ન નાખવાં, ફળ ખાવાં પણ ઝાડનો નાશ ન કરવો."

"કોઈ વિધવા કે નબાપા બાળકને રંજાડશો નહિ."

"જો તમે તમારા જાતભાઈના બળદને કે ઘેટાને રખડતું જુઓ તો જોયું ન જોયું ન કરવું. પણ લઈ જઈને તેને પાછું સોંપવું."

"તમે કોઈ ગરીબ અને ગરજવાન માણસને મજૂરીએ રાખો તો તેની મજૂરી રોશકો નહિ."

"જો કોઈ પરદેશી તમારા દેશમાં આવીને તમારી ભેગો રહે તો તમારે તેને સતાવવો નહિ. તેને તમારે તામાર જેવો વતની જ માનવો અને તેના ઉપર તમારી જાત જેટલો જ પ્રેમ રાખવો, કારણ મિસરમાં તમે પણ પરદેશી હતા."

“કોઈના ઉપર વેર વાળવું નહિ કે કીનો રાખવો નહિ, બલકે, તારા માનવબંધુ ઉપર જાત જેટલો પ્રેમ રાખવો. હું પ્રભુ છું.”

ઈશ્વરે મોશેની આગેવાની હેઠળ ઈસાયલી પ્રજાને મિસરની ગુલામીમાંથી છોડાવી. મોશેએ ઈસાયલીઓને રણમાં ગાળેલા ચાલીસ વર્ષ દરમિયાન ઈશ્વર તરફથી બે પાઠો શીખવ્યા. પહેલો પાઠ એ કે તેમણે હમેશાં ઈશ્વર પર ભરોસો રાખવો. બીજો પાઠ એ કે તેઓ બધાએ એકબીજા સાથે હળીમળીને રહેવું.

મોશે જોડે મિસમાંથી નીકળેલાં બધાં સ્ત્રી-પુરુષો રણમાં મરણ પામ્યાં. મોશે પણ ઘરડો થયો. ઈશ્વર એને નબો પહાડ પર દોરી ગયા. ત્યાંથી ઈશ્વરે એને કનાનનો આખો પ્રદેશ બતાવ્યો. આ જ પ્રદેશ પોતાના લોકોને આપવાનું ઈશ્વરે વચન આપ્યું હતું. મોશે એ કનાન ભૂમિને સીમાડે મૃત્યુ પામ્યા. પણ પોતાના મૃત્યુ પહેલાં મોશેએ યહોશૂઆને પાતનો અનુગામી નીમ્યો.

યહૂદી પ્રજા પોતાને મોશેના શિષ્યો તરીકે આળખાવે છે. નવા કરારમાં મોશેનું નામ ૪૦ વાર આવે છે. નવા કરારમાં મોશેને આવનાર મસીહ (અર્થાત ખ્રિસ્ત) તરફ આંગળી ચીંધનાર પયગંબર તરીકે દર્શાવવામાં આવે છે.